અપીલ અરજી નં.૨/૦૮–૦૯ તા.૩–૪–૦૮

અરજદારઃ શ્રી ધર્મેશ નાગજીભાઈ પટેલ
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી , ઉધના ઝોન

# હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશ નાગજીભાઈ પટેલની તા.૨૨–૨–૦૮તથા ૩–૩–૦૮ ની આકારણી અંગેની માહિતી માંગતી અરજી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨/૨૦૦૮–૦૯

શ્રી ધર્મેશ નાગજીભાઈ પટેલની તા.૨૨–૨–૦૮તથા ૩–૩–૦૮ ની અરજીથી માંગેલ માહિતી બાબતે અનુક્રમે કૈલાસનગર તથા કર્મયોગી કો.ઓ.હા.સો.લિ. બંને સોસાયટી આકારણી દફતરે દાખલ થયેલ તુમાર તથા દરેક પેપર તેમજ પ્લોટ હોલ્ડરની યાદી તથા કયા પ્લોટ હોલ્ડર પાસે કેટલું લેણું મહાનગરપાલિકાનું છે તેની વિગતો અને પુનિતનગર હા.સોસાયટીનો દાખલ થયેલ સમયનો તુમાર અને દરેક પેપરની માહિતી બાબતે સા.ઝોન ઉધનાના પત્ર નં.અકણ/૧૩૬૨ તા. ૨૭–૩–૦૮ થી કૈલાસનગર સોસા.ના દાખલ થયા સમયના તુમારના પાનાની તથા પાર્ટી સ્ટેટસની તેમજ કર્મયોગી સોસા.ના આકારણી દફતરે દાખલ થયા સમયની કટબુકના રજીસ્ટર પાનાની નકલ તથા પાર્ટી સ્ટેટસની આપેલી વિગતો તેમજ બીજી અરજીથી પુનિતનગર સોસા.ના આકારણી દફતરે દાખલ થયેલ સમયના કટબુક રજીસ્ટર પાનાની પત્ર નં.અકણ/૧૩૬૨ એ તા.૨૭–૩–૦૮ થી આપેલ માહિતીથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૩–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ બંને અરજીની નકલો તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮ તા.૯–૪–૦૮ થી કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પાઠવવામાં આવેલ. જે અંગે ઉધના ઝોન તરફથી પત્ર ક્રમાંક નં.સા.ઝોન/અકણ/૭૬ તા.૧૭–૪–૦૮ થી તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મુળ અરજીની નકલ સહિત અત્રેના વિભાગને પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે માંગેલ મુળ માહિતી તુમારના પ્રત્યેક કાગળની નકલ નહી આપવા અંગે કોઈ વાજબીપણું રજુ કરેલ નથી તેમજ તેની અવેજીમાં કટબુકના પાનાની નકલો આપવા અંગે પણ કોઈ વાજબીપણું રજુ કરેલ નથી. વધુમાં ત્રાહિતને લગતી કોઈ માહિતી હોય તો તેનો ઉલ્લેખ કરી કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસર્યાની કોઈ વિગતો પણ મોકલેલ નથી તદઉપરાંત પૂરક માહિતીના અનુસંધાને અરજદારે માંગેલ માહિતી નહી આપવા કોઈ અપવાદ પણ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૨–૦૮ અને તા.૩–૩–૦૮ ની બે અરજીઓમાં ત્રણ સોસા.ઓની માંગેલ માહિતી પૈકી નહી પૂરી પાડેલ માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ ની હેઠળની પ્રક્રિયાને અનુસરી કલમ–૭ સહિત કાયદા અને નિયમની જોગવાઈઓના અનુસંધાને અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધર્મેશ નાગજીભાઈ પટેલ,